# જિલ્લામાં ૯૯૫ પ્રાથમિક શાળાઓ બે વર્ષમાં ૩૬ નવી ખાનગી શાળાને મંજુરી



**વિધાનસભામાં ગાંધીનગર**

**- ધનંજય જોષી**

ગાંધીનગર જિલ્લામાં ૯૯૫ પ્રાથમિક શાળાઓ છે. જયારે આ પૈકી ૬૨૪ સરકારી પ્રાથમિક શાળા,૩૯ ગ્રાન્ટેડ અને ૩૩૨ ખાનગી પ્રાથમિક શાળા છે. જયારે છેલ્લા બે વર્ષમાં નવી સરકારી અને ગ્રાન્ટેડ એક પણ સરકારી શાળાને મંજુરી આપવામાં આવી નથી.પરંતુ નવી ૩૬ ખાનગી શાળાઓને મંજુરી આપવામાં આવી છે. આ ઉપરાંત માણસાના ધારાસભ્ય દ્વારા રજુ કરાયેલા પેટા પ્રશ્નના ઉત્તરમાં શિક્ષણમંત્રી આપેલા ઉત્તરમાં જણાવાયા મુજબ પ્રાથમિક શાળાઓનુ ખાનગીકરણ અટકે તેમજ ખાનગી પ્રાથમિક શાળાઓની મંજુરી માટે મુંબઇ પ્રાથમિક શિક્ષણ અધિનિયમ ૧૯૪૯ન નિયમ ૧૦૬માં જરૂરી સુધારો કરવામાં આવ્યો છે. જયારે ખાનગી પ્રાથમિક શાળાઓ ઉંચી ફી ન ઉઘરાવે તે માટે ગુજરાત સ્વનિર્ભર શાળા ફી નિયમન અધિનિયમ-૨૦૧૭ અમલ કરવામાં આવ્યો છે.

**ગાંધીનગર જિલ્લા - તાલુકા પંચાયતોમાં વિવિધ સંવર્ગની ૧૫૬ જગ્યા ખાલી**

ગાંધીનગર જિલ્લા અને તાલુક પંચાયતમાં સંવર્ગવાર મંજુર થયેલુ મહેકમ કેટલુ છે કલોલના ધારાસભ્યના પ્રશ્ન સંદર્ભે રજુ થયેલા ઉત્તર મુજબ ગાંધીનગર જિલ્લા પંચાયતમાં વિવિધ ૧ થી ૪ સંવર્ગમાં ૨૯૫ મંજુર મહેકમ છે. જયારે ચારેય તાલુકા પંચાયતોનુ મંજુર મહેકમ ૧૩૩ નુ છે. જયારે જિલ્લા પંચાયતના મંજુર મહેકમ સામે વર્ગ -૧ ની ૧૧ જગ્યાઓ ભરાયેલી અને ૨ ખાલી વર્ગ-૨ ની ૨૨ ની સામે ૨ ખાલી, વર્ગ-૩ ની ૧૧૬ની સામે ૮૯ ખાલી અને વર્ગ-૪ ની ૩૯ ની સામે ૧૨ ખાલી જગ્યા છે. જિલ્લા પંચાયતમાં વિવિધ સંવર્ગની કુલ ૧૦૭ જગ્યાઓ ખાલી છે. જયારે તાલુકા પંચાયતમાં ગાંધીનગરમાં વર્ગ ૨ ની એક જગ્યા છે જે ભરાયેલી છે. વર્ગ-૩ ની ૧૬ પૈકી ૬ જગ્યા ખાલી છે. જયારેવર્ગ-૪ની ૪ પૈકી એક જગ્યા ખાલી છે. કલોલમાં પણ વર્ગ -૩ ની ૨૦ અને માણસામાં ૧૦ જગ્યા ખાલી છે. જયારે દહેગામમાં વર્ગ-૩ ની ૧૦ જગ્યા અને વર્ગ-૪ ની ૨ જગ્યા ખાલી છે. ગાંધીનગર જિલ્લા પંચાયતમાં આઉટ સોર્સિંગથી વર્ગ-૩ ની ૧૬ અને વર્ગ-૪ ની ૧૫ સહીત કુલ ૩૧ જગ્યાઓ ભરવામાં આવી છે. જયારે તાલુકા પંચાયતોમાં પણ સંવર્ગવાર ૬ જગ્યા આઉટસોર્સિંગથી ભરવામાં આવી છે.

**જિલ્લાની ૧૨ ગ્રામ પંચાયતોના નવીન ઘર બનશે**

જિલ્લામાં બે વર્ષ દરમિયાન ૧૨ ગ્રામ પંચાયતોને નવીન ઘર બનાવવાના કામોને મંજુરી આપવામાં આવી છે. કલોલના ધારાસભ્યના પેટા પ્રશ્નના ઉત્તરમાં જણાવાયા મુજબ વર્ષ ૨૦૧૭-૧૮ માં મંજુરી થયેલ ૩ ગ્રામ પંચાયતો પૈકી ૨ ગ્રામ પંચાયતોને તાંત્રિક મંજુરી આપવામાં આવી છે. જયારે વહીવટી મંજુરી પ્રક્રીયા હેઠળ છે. જયારે વર્ષ ૨૦૧૮-૧૯ દરમિયાન મંજુર થયેલ ૯ ગ્રામ પંચાયતોની તાંત્રિક મંજુરીની પ્રક્રીયા કાર્યવાહી હેઠળ છે. જયારે આ તમામ ૧૨ ગ્રામ પંચાયતની નવીન ઘર બનાવવા અંગે વહીવટી પ્રક્રીયાના અંતે કામગીરી હાથ ધરાશે.

**વિધવા સહાય યોજના હેઠળ ૬૯૧ અરજીને મંજુરી**

ગાંધીનગર જિલ્લામાં વિધવા સહાય યોજના અન્વયે ચારેય તાલુકામાંથી કુલ ૮૬૯ અરજીઓ મહીલા અને બાળ વિકાસ વિભાગને મળી છે. જયારે આ પૈકી ચારેય તાલુકાની ૬૯૧ અરજીઓને મંજુર કરવામાં આવી છે. જયારે ૮૮ અરજીઓ નામંજુર કરાઇ છે. અરજીઓ નામંજુર કરાઇ હોવા તેવા કિસ્સામાં ૨૨ વર્ષથી વધુ વયનો પુત્ર, અધુરી વિગતો કે પુરાવા તેમજ વાર્ષિક આવક નિયત મર્યાદા કરતા વધુ હોવાના કારણો પણ ધ્યાને આવ્યા છે.

**સેન્દ્રીય ખાતર માટે બે સંસ્થાઓને ૬૪ હજારની સહાય**

જિલ્લામાં સેન્દ્રીય ખાતર બનાવાની યોજના અમલી હોવાનુ જણાંવી ગાંધીનગર દક્ષિણના ધારાસભ્યના પ્રશ્ન સંદર્ભે રજુ કરાયેલા ઉત્તરમાં જણાવાયા મુજબ ચેરીટી કમિશ્નર દ્વારા માન્ય ટ્રસ્ટો સંચાલિત ગૌશાળાઓ, પાંજરાપોળ અને સખીમંડળો અને એનિમલ હોસ્ટેલોને સહાય ચુકવવામાં આવે છે. જયોર છેલ્લા બે વર્ષમાં જિલ્લામાં ૨ સંસ્થાઓને કુલ રૂ ૬૪૫૨૭ ની સહાય ચુકવવામાં આવી છે.

**કતલખાને જતા બચાવેલા ૬ પશુઓના નિભાવ માટે ૧૫ હજારની સહાય**

ગાંધીનગર જિલ્લામાં ગેરકાયદેસર કતલખાને લઇ જવાતા બચાવેલ ગૌવંશના કેટલા પશુઓ માટે કેટલી રકમ નિભાવ સહાય માટે ચુકવવામાં આવી છે દહેગામના ધારાસભ્યના પ્રશ્ન અન્વયે રજુ થયેલા ઉત્તરમાં જણાવાયા મુજબ ૨ સંસ્થાઓને ૬ પશુઓ માટે રૂ ૧૫ હજારની સહાય ચુકવવામાં આવી છે.

● અનુસંધાન પાન-૭ પર



રેતી ખનન - પાટનગરના પાદરમાં રેતી ખનનની પ્રવૃત્તિ બેરોકટોક ચાલી રહી છે... રેતી માફિયાઓની સંખ્યા પણ દિન-પ્રતિદિન વધતી રહી છે... પર્યાવરણને નુકસાન કરવામાં પાછુ વળીને નહિ જોતા શાસક અને સમાજ જાણે આવતીકાલનો દાટ વાળવાનું નક્કી કર્યું હોય તેમ કૃત્યો આચરી રહ્યા છે... સાબરમતી નદી પ્રકૃતિની અમૂલ્ય ભેટ છે... છતાં આપણે એનું મહત્વ અને મહિમા સમજ્યા વિના પાંચ-પચ્ચીસના લાભ માટે પેઢીઓની પેઢીઓ સુધી નુકસાન પહોંચાડવાની આપણી માનસિકતા કોઈપણ સંજોમાં માફ કરી શકાય એમ નથી... હા, કદાચ થોડા ભ્રષ્ટાચારથી કાયદાની ચુંગાલમાંથી છટકી શકાય... પરંતુ પ્રકૃતિના પ્રકોપમાંથી કોઈ બચાવી શકે એમ નથી....

# રખડતા પશુઓને પકડવા માટે પોલીસ બંદોબસ્ત મંજૂર કરાયો

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર મહાનગર પાલિકાએ નવેસરથી રખડતા પશુઓ પકડવા માટેની કાર્યવાહીમાં માંગેલ પોલીસ બંદોબસ્તની માંગણી ગૃહવિભાગ દ્વારા મંજૂર કરવામાં આવી છે અને આ માટે ૩૧ જેટલા કર્મચારીઓનું મહેકમ મંજૂર કરવામાં આવ્યુ છે.

ગાંધીનગર શહેરમાં રખડતા પશુઓની વકરતી જતી સમસ્યા હવે તંત્ર માટે શિરદર્દ બની ચુકી છે. આ માટે નિયંત્રણ કરવા એક ટીમ પણ તૈયાર કરવામાં આવી છે પરંતુ તેના પર થતા હુમલાઓને ધ્યાને લઈ પોલીસ બંદોબસ્ત ફાળવવા માંગણી કરાઈ હતી.

મળતી વિગતો મુજબ આગામી સપ્તાહથી આ અંગેની સઘન ઝુંબેશ નગરમાં શરૂ કરવા માટેની તૈયારીઓ તંત્રએ હાથ ધરી દીધી છે.

મનપાએ રખડતા પશુઓની સમસ્યાને નાથવા માટે વસુલવામાં આવતી રકમમાં વધારો પણ કર્યો છે પરંતુ તેના ધાર્યા પરિણામ મળ્યા નથી. હવે મનપા દ્વારા રખડતા પશુઓની સમસ્યા ગંભીર બને તે પહેલાં જ તેને અટકાવવા માટે આખી નવી નીતિ તૈયાર કરી હોવાનું પણ જાણવા મળેલ છે.

ખાસ કરીને સેકટરોના આંતરિક માર્ગો તેમજ ચ રોડ અને ઘ રોડ પર આ સમસ્યા વધુને વધુ ઘેરી બની રહી છે.

# રાજયમાં બે વર્ષમાં ૧૨૮૭ ખાનગી પ્રાથમિક શાળાને મંજૂરી

ગાંધીનગર, તા. ૧૬

ગુજરાતમાં બે વર્ષમાં ૧૨૮૭ ખાનગી શાળાઓને મંજૂરી આપવામાં આવી હોવાનું રાજય સરકારે વિધાનસભા ગૃહમાં પ્રશ્નોત્તરી સમય દરમ્યાન કબુલ્યુ છે આ સામે માત્ર ૧૨૨ સરકારી શાળાઓને મંજૂરી આપવામાં આવી છે.

આ જ પ્રમાણે ૪૦ ખાનગી કોલેજ સામે એક જ સરકારી કોલેજને મંજૂરી આપવામાં આવી હોવાનો પણ એકરાર કર્યો છે.

રાજય વિધાનસભાગૃહમાં શિક્ષણમંત્રીએ આપેલા જુદા જુદા પ્રશ્નોના જવાબ મુજબ બે વર્ષમાં સરકારી અને ગ્રાન્ટેડ શાળાઓની સરખામણીએ લગભગ ૧૦ ગણી ખાનગી પ્રા. શાળાઓને મંજૂરી આપવામાં આવી છે.

ગાંધીનગર જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં ૩૬ ખાનગી પ્રાથમિક શાળાઓને મંજૂરી આપવામાં આવી છે. ગાંધીનગર જિલ્લામાં હાલ ૬૨૪ સરકારી પ્રા. શાળા, ૩૯ ગ્રાન્ટેડ પ્રા. શાળા અને

● અનુસંધાન પાન-૭ પર

# ગાંધી જયંતિએ ભારતને ઓડીએફ રાષ્ટ્ર જાહેર કરવા રાષ્ટ્રીયસ્તરનો કાર્યક્રમ ગુજરાતમાં

**આ દિવસે ગાંધી આશ્રમ ખાતે લેસર શો નું પણ લોકાર્પણ થવાની સંભાવના**

ગાંધીનગર, તા. ૧૬

આગામી ૨જી ઓકટો.ના રોજ ગાંધીજીની ૧૫૦મી જન્મજયંતિ હોવાથી તે દિવસે આખા દેશને ઓ.ડી.એફ. જાહેર કરવાનો એક રાષ્ટ્રીય સ્તરનો કાર્યક્રમ ગુજરાતમાં યોજવામાં આવે તેવી શક્યતાના સંકેતો મળી રહ્યા છે.

ગુજરાતને ઓ.ડી.એફ. બનાવવા માટે રાજ્યએ કરેલ નોંધનીય કામગીરીને ધ્યાને રાખી તેમજ ગાંધી જયંતિની ઉજવણીના ભાગરૂપે આવો કાર્યક્રમ ગાંધીઆશ્રમ નજીક કે મહાત્મા મંદિર ખાતે યોજાશે તેમ પણ સચિવાલયના સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

દેશમાં સ્વચ્છતા અભિયાનની આ મહત્વની જાહેરાત માટે ગાંધી બાપુના જન્મદિવસની જ પસંદગી કરાશે કારણ કે સ્વચ્છતા અભિયાનનો આરંભ પણ ૨જી ઓકટો.થી કરવામાં આવ્યો છે.

સચિવાલયના સૂત્રો જણાવે છે કે રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકાર વચ્ચે હાલ આ કાર્યક્રમના આયોજનને લઈ ચર્ચાઓ ચાલી રહી છે. તેમાં કાર્યક્રમનું સ્વરૂપ, કાર્યક્રમ માટે સ્થળની પસંદગી સહિતની બાબતોનો સમાવેશ થાય છે.

આ દિવસે કાર્યક્રમમાં સ્વચ્છતા મિશન (ગ્રામીણ) અંતર્ગત પુરસ્કારોની પણ જાહેરાત કરવામાં આવે તેવી સંભાવનાઓ છે.

દરમ્યાન આજે રાજ્ય વિધાનસભાગૃહમાં રાજ્યના પ્રવાસન મંત્રી જવાહરભાઈ ચાવડાએ ગાંધી આશ્રમમાં સોમનાથ ટેમ્પલ પછી એવો જ ગાંધી જીવનનો લેસર શૉ શરૂ કરવા માટે રૂ. ૧૨ કરોડની ખાસ જોગવાઈની જાહેરાત કરી છે અને તે લેસર શૉ નું વિધિવત્ લોકાર્પણ આ દિવસે થાય તેવા સ્પષ્ટ સંકેત સચિવાલયના આ સૂત્રો આપી રહ્યા છે.

સચિવાલય સાથે સંકળાયેલ સૂત્રોના જણાવ્યાનુસાર આ અંગેની ઉજવણીને આખરી ઓપ આપવા કેન્દ્રના અધિકારીઓની એક ઉચ્ચસ્તરીય ટીમ પણ ગાંધીનગર ટુંકમાં આવે તેવી શક્યતાઓ છે.

**ખોવાયેલ છે**

નવા સચિવાલય સંકુલમાં બ્લોક નં. ૬થી વિધાનસભા સામે પસાર થતા બ્લોક નં.૧૩ની વચ્ચે બાઈક પરથી સફેદ કલરની બેગ (થેલી) પડી ગયેલ છે. જેમાં અગત્યની ફાઈલ તથા અન્ય દસ્તાવેજ હોવાથી જે કોઈને મળે તેમણે નીચેના નંબર પર તાત્કાલિક સંપર્ક કરવા વિનંતી છે.

યોગ્ય વળતર આપીશું.

મો. ૯૮૭૯૫ ૪૩૫૯૫

મો. ૯૯૭૮૪ ૦૫૨૪૬

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ

ગાંધીનગર સમાચાર

ફોન - ૨૩૨૨૨૫૭૧

# તગડી ફી વસુલવા બદલ નગરની પાંચ શાળાઓ સામે વાલીઓની ૨૧ ફરિયાદ

**એફ આર સીના નિયમને અનુસરવા શાળાઓની તૈયારી એક કિસ્સામાં શાળા કક્ષાએથી વધુ વિગતો મંગાવાઇ : એક ફરિયાદમાં તથ્ય ન જણાંયુ : જયારે બાકીના કીસ્સામાં નોટીસના અંતે શાળા એફ આર સી ની નિયત ફી મુજબ સંમત**

ગાંધીનગર તા ૧૬

ગાંધીનગર જિલ્લાની પાંચ શાળાઓ સામે ઉંચી ફી વસુલવામાં આવતી હોવાની બે વર્ષમાં ૨૧ ફરિયાદો ઉઠવા પામી છે. જયારે આ ફરિયાદો સંદર્ભે એક કિસ્સામાં એફ આર સી કક્ષાએથી મંજુર થયેલી ફી જ લેવામાં આવતી હોવાનુ કાર્યવાહીના અંતે ધ્યાને આવ્યુ હતુ. જેમાં શહેરની માઉન્ટ કાર્મેલ શાળા સામે પણ વાલીઓએ ઉઠાવેલી ફરિયાદના અંતે ફી માં ઘટાડો કરાયો હતો. જયારે પોદાર ઈન્ટરનેશનલ સ્કુલે પણ નોટીસના અંતે એફ આર સી એ મંજુર કરેલી ફી મુજબ અનુસરવાનો નિર્ણય લીધો હતો.

વિધાનસભાની તારાંકિત પ્રશ્નોત્તરીમાં આજે પ્રથમ પ્રશ્ન ગાંધીનગર જિલ્લાની શાળાઓમાં ફી રેગ્યુલેટરી કમિટીમાં ફી વધારા અંગે થયેલી ફરિયાદો અંગે રજુ થયો હતો. ગાંધીનગર ઉત્તરના ધારાસભ્ય ડો સી જે ચાવડાએ રજુ કરેલા આ પ્રશ્નના ઉત્તરમાં શિક્ષણમંત્રીએ જણાંવ્યુ હતુ કે ફી રેગ્યુલેટરી કમિટી દ્વારા કરવામાં આવેલા હુકમોનુ ઉલ્લંઘન કરીને ઉંચી ફી ઉઘરાવાતી હોવાની ગાંધીનગર જિલ્લામાંથી ૨૧ ફરિયાદો મળી છે. જયારે આ મામલે કમિટી દ્વારા કેટલી ફી નિયત કરાઇ હતી અને સંચાલકો દ્વારા લેવાતી ફી ની રકમ સહીત કેટલી શાળાના સંચાલક સામે શી કાર્યવાહી કરવામાં આવી તેવા પેટા પ્રશ્નના જવાબ સંદર્ભે પણ ગાંધીનગરની પાંચ શાળાઓ સામે ફરિયાદ થઇ હોવાનુ જણાંવાયુ હતુ.

● અનુસંધાન પાન-૭ પર

# રાજ્યના યુવાધનને રમતોના ક્ષેત્રમાં વધુ પ્રોત્સાહિત કરાશે

ગાંધીનગર, તા.૧૬

ગુજરાત રાજ્યના યુવાધનની કાબેલિયત તથા રમતગમત ક્ષેત્રે પાંગરતી પ્રતિભાઓને પ્રોત્સાહન આપવા રાજય સરકાર કટિબધ્ધ છે તેમ યુવક સેવા અને સાંસ્કૃતિ પ્રવૃતિના મંત્રી ઈશ્વરસિંહ પટેલએ જણાવ્યુ છે ગુજરાતના ખેલાડીઓને ખેલમહાકુંભ અને ખેલો ઈન્ડિયા થકી રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે સશક્ત મંચ પૂરો પાડવા સક્રિય એવા રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ માટે વર્ષ ૨૦૧૯-૨૦ માટે રૂપિયા ૫૭૯.૨૬ કરોડની અંદાજપત્રીય જોગવાઇ કરવામાં

● અનુસંધાન પાન-૭ પર

**Gujarat State Petronet Limited**
Corporate Identity Number : L40200GJ1998SGC035188

Reg. Off.: GSPC Bhavan, Sector-11, Gandhinagar-382010, Gujarat, India. Tel.: +91-79-66701001 / 23268500
Fax: +91-79-23268506 Website : www.gspcgroup.com E-mail: investors.gspl@gspc.in

Pursuant to Regulation 47 (1) of the SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015, Notice is hereby given that the Meeting of the Board of Directors of the Company will be held on **Friday, the 2nd August, 2019**, inter-alia, to consider and take on record the Un-audited Financial Results (*Standalone & Consolidated*) of the Company for the Quarter ended on 30th June, 2019.
The said intimation is also available on the Company's website viz. www.gspcgroup.com and may also be available on the website of Stock Exchanges at www.bseindia.com and at www.nseindia.com.

For Gujarat State Petronet Limited
sd/-
Reena Desai
Company Secretary

Place: Gandhinagar
Date: 16th July, 2019

**ઈશ્વરકૃપા ટાયર સર્વિસ**

ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા

BRIDGESTONE

apollo go the distance

એપોલો/સીએટ કંપનીના અધિકૃત વિક્રેતા

CEAT

તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે

પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૯૭૭૩૪૧૭૮૩૮, ૮૧૪૦૪ ૬૦૭૬૭ (W)

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT Turning Dreams into Concrete Reality

KisaN

ashirvad

BENELAVE

DR. FIXIT

TATA STEEL • PIPES • SHEETS

ET TMT BARS Mazboot Bharat ki Pehchan

**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

સંસ્કૃતિ

**"સંસ્કૃતિ" સંસ્થા, ગાંધીનગર**

૨૦૧૯-૨૦નો પ્રથમ કાર્યક્રમ

હિન્દી ચલચિત્રોના કિશોરકુમારે ગાયેલા લોકપ્રિય-લોકહૈયે સચવાયેલા મધમીઠા ગીતોનો કાર્યક્રમ

Golden Era of Kishorkumar

તારીખ : ૨૦ ૭ ૨૦૧૯ શનિવાર
રાત્રે : ૯.૧૫, ટાઉન હોલ, ગાંધીનગર

સૌથી ઓછી સભ્ય ફી કપલ દીઠ માત્ર રૂા.૧૬૦૦/- (વાર્ષિક)
વ્યક્તિગત રૂા.૧૦૦૦/- (વાર્ષિક)

ભૂષણ આવસત્થી | જ્યોતિ ક્રિશ્ચિયન | પરીષી વર્મા | હિરેન પરમાર

સભ્યપદ માટેનાં ફોર્મ મેળવવા તથા ફી સાથે પરત કરવા સંપર્ક :

(૧) શ્રી મેહુલ પટેલ, કેપિટલ ઓફસેટ, ૬૦૩, છઠ્ઠો માળ, હવેલી આર્કેડ, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ફોન:૨૩૨૪૩૬૨૩
(૨) શ્રી મનોજ જોષી, લિપિ ગ્રાફિક્સ, સ્કાય વ્યુ કોમ્પલેક્ષ, ૧૭-૨૨ સ્ટેન્ડ પાસે, સેકટર-૨૨ (મો.) ૯૮૨૫૪૪૭૭૩૩
(૩) સેકટર-૨ ડૉ. રાજેશ શાહ (મો.) ૯૯૨૫૦ ૦૮૬૩૦
(૪) નવા સચિવાલય : શ્રી પરાગ શુક્લ(મો) ૮૮૪૯૩૦૨૬૬૮ શ્રી કલ્પેશ ભટ્ટ (મો) ૯૮૨૫૪ ૦૯૦૦૪ શ્રી ગગુભા રાજ (મો.) ૯૮૨૪૦૬૫૦૯૪
(૫) જૂના સચિવાલય : શ્રી દિનેશ ચૌહાણ (મો) ૯૯૭૮૪૪૦૧૨૬ શ્રી રસિક લિંબાચિયા (મો) ૯૬૨૪૯૧૯૧૯૭
(૬) વાવોલ : શ્રી મુકેશ મહેતા (મો) ૯૪૨૯૬૮૨૧૬૬ શ્રીમતી પ્રીતિ મહેતા (મો)૭૦૪૮૮૫૫૬૩૭
(૭) ગુજરાત વિદ્યુત બોર્ડ : શ્રીમતી પરમજીત કૌર (મો) ૮૩૪૭૪ ૩૧૯૦૦
(૮) સેકટર-૨૦ સુશ્રી ચેતના બુચ (મો) ૯૮૨૫૮૧૬૦૧૮
(૯) સેકટર-૭ શ્રીમતી આરતી ભટ્ટ (મો.) ૯૯૨૫૦૯૭૦૭૮
(૧૦)સેકટર-૮ પ્રા. ડૉ.લીના રાણા (મો.) ૯૪૨૭૦૪૯૦૪૭
(૧૧) ડૉ. અનિલ પટેલ (મો.) ૯૩૨૭૮ ૩૫૨૧૫

આવો... આજે જ સભ્યપદે નોંધાઇને નાવિન્યસભર કાર્યક્રમોનો આનંદ લૂંટો...

મનોજ શુકલ મંત્રી ૯૮૨૫૮૭૯૫૨૯
રમેશ પટેલ પ્રમુખ ૯૮૨૫૦૩૮૩૭૮ (કેપિટલ ઓફસેટ)

(૧) સંસ્થાના આ વર્ષના પુનઃ સભ્ય થવા માટે સુંદર પ્રતિસાદ આપવા બદલ સર્વ સભ્યોનો ખૂબ ખૂબ આભાર.
(૨) વર્ષમાં ૭ ઉત્તમ આયોજનો- પાંચ ફિલ્મ સંગીત પર આધારિત, એક હાસ્ય રસનો કાર્યક્રમ તથા એક ભોજન-મિલન સમારંભ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com